૭૦

વિચરતી-વિમુક્ત જાતિના પ્રિ.એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૨૧/૫૧૩૨૯૦/ન.બા.૫૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૭/૦૪/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૧/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/ન.બા.૭૩૨/અ.૧

(૨) આ વિભાગનો તા.૧૬/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૧/ન.બા./૪૫૫/અ.૧

(૩) આ વિભાગનો તા.૧૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ.૧

(૪) આ વિભાગનો તા.૨૪/૧૦/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૧/૦૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા./૨૦૨૧-૨૨/૨૬૪૩

**આમુખઃ-**

રાજ્ય સરકાર દ્વારા વિચરતી-વિમુક્ત જાતિના શૈક્ષણિક વિકાસ માટે વિવિધ શૈક્ષણિક યોજનાઓ અમલમાં છે. જેમાં વંચાણે લીધા ક્રમાંક (૧) થી (૪) પરના આ વિભાગના ઠરાવોથી વિચરતી-વિમુક્ત જાતિના ધો. ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ પૈકી કુમારને ધો. ૧ થી ૮ માં રૂ.૫૦૦/-, ધોરણ-૯ થી ૧૦ રૂ.૭૫૦/- અને કન્યાને ધો.૧ થી ૫ માં વાર્ષિક રૂ.૫૦૦/-ની શિષ્યવૃત્તિ તેમજ ધો. ૬ થી ૧૦ માં વાર્ષિક રૂ.૭૫૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેમાં ધો. ૧ થી ૮ માં શિષ્યવૃત્તિ આપવા માટે કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી. જયારે ધો. ૯ થી ૧૦ માં ગ્રામ્ય વિસ્તાર રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર રૂ.૧,૫૦,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદા હાલ અમલમાં છે.

૨. વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ શિક્ષણમાં વધુ રૂચિ કેળવી, આગળ અભ્યાસ કરી સાક્ષરતા દર ઉંચો આવે તેવા ઉમદા હેતુસર તેમજ મોંઘવારીના પ્રમાણમાં શિષ્યવૃત્તિના દર ઘણા ઓછા હોવાથી વિચરતી-વિમુક્ત જાતિના પ્રિ.એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિમાં વધારો કરવા માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના પત્રથી દરખાસ્ત કરેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વિચરતી-વિમુક્ત જાતિના પ્રિ.એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિના દરમાં નીચે મુજબ વધારો કરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

| ધોરણ | શિષ્યવૃત્તિનો નવો દર | વાર્ષિક આવકમર્યાદા |
|---|---|---|
| ૧ થી ૮ કુમાર | રૂ.૭૫૦/- | કોઇ આવક મર્યાદા નથી |
| ૧ થી ૫ કન્યા | રૂ.૭૫૦/- | |
| ૬ થી ૮ કન્યા | રૂ.૧૦૦૦/- | |
| ૯ થી ૧૦ કુમાર | રૂ.૧૦૦૦/- | ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦/-ની વાર્ષિક આવક મર્યાદા |
| ૯ થી ૧૦ કન્યા | રૂ.૧૦૦૦/- | |

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે:

## શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને CM Dash Board સાથે લિંક કરવી.

(૯) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન/ એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં મંજૂર થયેલ નવી બાબત/ રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઇ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૧) શિષ્યવૃત્તિના સુધારેલા ધોરણો નવા શૈક્ષણિક સત્રથી જ અમલી બનશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નીચે મુજબના બજેટ સદર હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે:

| | |
|---|---|
| માંગણી નંબર | ૯૨ |
| મુખ્ય સદર | ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.જનજાતિઓ, અન્ય પછાતવર્ગનું કલ્યાણ અને લઘુમતી કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | ૮૦-જનરલ (સામાન્ય) |
| ગૌણ સદર | ૧૦૧-વિચરતી-વિમુક્ત જાતિઓનું કલ્યાણ |
| પેટા સદર | ૦૪-(ડીએનટી-૧) વિચરતી-વિમુકત જાતિના પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેક્ટ ફાઇલ